કહાન મહિમા પ્રકાશન પુષ્પ–૨૯

પુસ્તિકા ક્રમાંક–૨૧

ॐ

॥ શ્રી વીતરાગાય નમઃ ॥

# મહાવીર




લેખક : **ધીરજલાલ પ. દેસાઈ (ચૈતન્યપ્રિય)** (B.Sc., M.Ed.)


રચના–તા. ૨૪-૧૦-૦૭ બુધવારથી ૨૮-૧૦-૦૭ રવિવાર (પાંચ દિવસ)

શ્લોક સંખ્યા ૪૦૦ (પદ્ય સ્વરૂપમાં જીવન ચરિત્ર)

**મૂલ્ય : સ્વાધ્યાય**

આ પુસ્તકની ૧૫૦૦ નકલ બહેન મંજુલા તથા બનેવી શ્રી રમેશચંદ્રને સુરેન્દ્રનગર મંદિરોની પ્રતિષ્ઠામાં મહાવીર ભગવાનના માતા-પિતા બનવાનો લાભ મળ્યો છે તેની ખુશાલીમાં પ્રકાશિત કરેલ છે.

લલિતાબહેન પી. અજમેરાનાં
૧૦૦ વર્ષ અનુસંધાને
પ્રકાશન
દીપાવલી
(મહાવીર નિર્વાણ
કલ્યાણક દિન)
તા. ૯-૧૧-૨૦૦૭


પ્રકાશક
સુધા ધીરજલાલ દેસાઈ
ધીરજલાલ પુરુષોત્તમ દેસાઈ
૫૯, કહાનનગર, પાલીતાણા રોડ,
સોનગઢ–૩૬૪૨૫૦ જિ. ભાવનગર
Ph : (02846) 244654 (R)

# મહાવીર

(હરિગીતિકા)

પ્રભુ! મહા 'વીર' જીવનનું આ કવન બહુ વૈરાગી છે;
આ વારતા નહિ પણ સત્ય હકિકત તણું નિરૂપણ છે. ૧.

આ રાસ નથી, ગરબા નથી, બંસીતણા સૂરના વહે;
યુદ્ધ નથી, શ્રુંગારના, લીલા નહીં, ના ભોગ છે. ૨.

પરિગ્રહ નથી, પરિવાર ના, શસ્ત્રો નથી, સંઘર્ષ ના;
ના રાગ છે, ના દ્વેષ છે, ના વેર છે, વિરોધ ના. ૩.

ઈતિહાસ ના લૌકિક આ, આ વાત લૌકથી પર અહા!
શાંતિ અહીં, સમદ્રષ્ટિ છે, ક્ષમા ખરી, અહિંસા કથા. ૪.

એ'વીર' સમ કો અવર ના પુરુષ પૃથ્વી પર આ થયા;
બહુકાળ છે વીતી ગયો, આ કાળ છે વિકટ અહા! ૫.

સન્મતિ, વર્ધમાન વળી, મહતિ કહે, અતિવીર ને–
ઓ વીર મહા! સિદ્ધાર્થ ત્રિશલા પુત્ર હો વંદન તને! ૬.

કવિતા નથી, દેખાવના, ના બુદ્ધિનો બકવાસ છે;
ભક્તિતણું છે પુષ્પ આ જ્યોતિપરમ ને અર્ચન છે. ૭.

વંદન તને, આતાપ ભવનો ટાળવા તું સમર્થ છે;
સિદ્ધાર્થ–ત્રિશલાનંદન આ ભવ ઉદધિથી તું તારજે. ૮.

ભારત મહા! હિમાલયે યમુના-ગંગા ચામર ઢળે;
શ્રેયાંસ, નાભિ, ભરતને બાહુબલી રામાદિ વસે. ૯.

પ્રાચીન વિદેહ વૈશાલીમાં ગન્ડકીતીર 'કુન્ડગ્રામ' છે;
અનુપમ નગર વૈશાલીને સિદ્ધાર્થનું શાસન છે. ૧૦.

સુવિધા બધી, ના દુ:ખ છે, સૌ સાથ સમ વ્યવહાર છે;
કોવિદ્, કવિ સત્કાર જ્યાં સત્-શિવ-સુર સંગમ છે. ૧૧.

અભિમાન ના, શાંતિ સદા, અધિકારની રક્ષા થતી;
શોષણ નહીં, અસહાય–અત્યાચાર ના અન્યાય નહીં. ૧૨.

ને ત્રિશલા ઈંદ્રાણી શી, સર્વગુણે સંપન્ન વળી;
પતિવ્રતા, સહયોગી ને સતધર્મની પાલક ઘણી. ૧૩.

દમ્પતિ અનૂઠી પ્રીતિ છે, સમજણ, ન મતભેદો જરા;
આદર્શ ઉચ્ચ વિચારથી કર્તવ્યનું પાલન સદા. ૧૪.

નવધા ભક્તિ મુનિરાજને પડગાહન તે કરતા હતા;
આહારદાન કરી વિધિથકી નિજ ભાગ્યને વખાણતા. ૧૫.

સ્વર્ગ પ્રથમ ઈન્દ્ર અમર કુબેર બોલાવી કહે;
અચ્યુત ઈન્દ્ર છ માસમાં કુંડલપુરે જઈ જન્મશે. ૧૬.

આ યુગના અંતિમ એ તીર્થંકર છે ત્યાં અવતરે;
સિદ્ધાર્થને પ્રાંગણ કરો વર્ષા રતનની સત્વરે. ૧૭.

અલકેશ ભારત આવીને વિદેહ કુન્ડગ્રામે ગયા;
ભૂપતિ ઘરે ત્રિવારએ પ્રદક્ષિણા કરી ધન્ય થયા. ૧૮.

માણિક, મરકત મોતીની વર્ષાથી સહુ ધનિક થયા;
માસ છ દિન-રાત વરસતી વર્ષાથી સહુ ધન્ય થયા. ૨૦.

શ્રી, હ્રીં, ધૃતિ, કીર્તિ વળી, લક્ષ્મી, બુદ્ધિ દેવી બધી;
ઈન્દ્રથી પ્રેરિત થઈ સંગ ત્રિશલા વસવા ગઈ. ૨૦.

અચ્યુત ઈન્દ્રનો જીવ ત્યાંથી દેહને ત્યાગી ગયો;
સુરપતિ પરિષદ દેવનો જયકાર તત્ક્ષણ ત્યાં થયો. ૨૧.

હે દેવ! જાઓ અહીંથી નૂતન ભવ અવતાર હો;
અવનીં જઈ સત્વર ત્યાં સૌ જીવનો ઉદ્ધાર હો. ૨૨.

તે ક્ષણ ત્રિશલા માતને તૃપ્તિ લાભ ગર્ભાધાન થતા;
નિદ્રા મગન મા ત્રિશલાને સ્વપ્ન અહેસાસ મહા! ૨૩.

શય્યા પરે મા ત્રિશલા કાંતિમુખે નિરાલી છે;
ત્રણ વાગતાં સ્વપ્નો તહીં સંકેત ભાવીના કહે. ૨૪.

મા ત્રિશલા તીર્થંકરની માત બનવાવાળી અહા!
જેના ચરણ આ લોકના મસ્તક સૌ નમશે સદા. ૨૫.

આવો હવે સૌ આપણે, એ દેખીએ જે માતને;
સ્વપ્નમહીં દૃશ્ય થયું દુર્લભ જે ઈન્દ્રાણીને. ૨૬.

ગજરાજ ને વૃષભ વળી, વનરાજ, લક્ષ્મી દેખીયા;
મંદારમાળા, શશિ અને કાય તેજસ્વી મહા. ૨૭.

બે માછલી, બે કળશ ને શોભિત કમળ તડાગ ભર્યું;
સાગર તથા સિંહાસન ને વિમાન સુરનું દેખીયું. ૨૮.

નાગભવન, શશિરતન, નિર્ધૂમ અગ્નિ પ્રગટીયા;
સ્વર્ગ ઉપર જે સોમ ત્યાંથી એમ સ્વપ્નો આવીયા. ૨૯.

જિન આગમે જિનમાત સ્વપ્ન નિરખી પ્રમોદિત થયા;
તે ચાલીયા નમન કરીને વિસ્મૃત ના મનથી થયા. ૩૦.

ગજરાજ મુખથી ઉદરમાં જ્યાં આવીયા તૃપ્તિ અહા!
ગર્ભાશયે વિશ્વ વિભૂતિની પધરામણી, અહા! ૩૧.

રાત્રિ જતાં પ્રકાશમાં પ્રકૃતિમાં પનગનાઢ શા!
પ્રાણી, પક્ષી, વૃક્ષ, ઉષા નર્તન નર શા નાચીયા! ૩૨.

છાત્ર, વધુ, કવિ લેખકો, મુનિ, શ્રાવક, પ્રતિમાધારીઓ;
પુજારીઓ સૌ જાગીને દેવાર્ચને લાગી ગયા. ૩૩.

ત્યાં દાસીઓએ સ્વામિને ઉઠાવવા વિનતી કરી;
સ્વર્ણકળશ મુખ ધોઈને સૌ સામગ્રી સ્નાનની ધરી. ૩૪.

ઊઠી, શયનગૃહ છોડીને આતમ ચિંતને મગ્ન બની;
ભવવનનાં દુઃખો સ્મરી વૈરાગભાવ વૃદ્ધિ કરી. ૩૫.

સિદ્ધાર્થ રાણી ત્રિશલાને ના કશી સૂચના દેવી પડી;
પ્રકૃતિ પરિચિત દાસી થકી વસ્તુ બધી હાજર થઈ. ૩૬.

સ્વપ્નફળને સાંભળવા તત્પરતા–ઉમંગ ધરી;
મા ત્રિશલા શ્રૃંગાર કરી રાજ્યસભા તરફ વળી. ૩૭.

સિંહાસને સિદ્ધાર્થ ત્યાં આભુષણ ધરી બિરાજિયા;
અધિકારીઓ સૌ વિનયથી નિજ આસને આસીન ત્યાં. ૩૮.

એ રાજ્યસભા નિયમાવલિ અનુશાસિત પરિષદ બની;
શાંતિ, વ્યવસ્થા સર્વત્ર ના ખેદ, પક્ષપાત નથી. ૩૯.

શ્રૃંગાર નવલો ધારીને રાણી ત્રિશલા ત્યાં આવીયા;
સેનાપતિ, સભાસદોએ ઊભા થઈ સત્કારીઆ. ૪૦.

ભૂપતિ ઊઠી વામાસને ત્રિશલાને બેસાડીયા;
આગમન કારણ પૂછીને ઉત્સુકતા ના રોકતા. ૪૧.

યામિનીમાં સ્વપ્નો અહા! મૈં સોળ જે દેખ્યા અરે!
ફળહું ન જાણું તેહનું છો આપ વિજ્ઞ કહો મને. ૪૨.

ક્રમસર તે બોલી ગયા સંસ્મૃત ના વિસ્મૃત જરા;
સાદૃશ્ય સ્વપ્નો બોલીયા, સિદ્ધાર્થ ફળ તેના કહ્યા. ૪૩.

આ યુગ તીર્થંકર વીરલા તુજ કુક્ષમહીં બિરાજીયા;
ગુણવાનના ગુણગાન સ્વપ્ન સોળમાં દર્શાવીયા. ૪૪.

'ગજ'તે સુલક્ષણ સુત કહે, 'વૃષભ' ધર્મ ધુરંધરતા;
નિસ્સીમ શક્તિ 'સિંહ' સમી, 'લક્ષ્મી' મુક્તિ સ્વરૂપ અહા! ૪૫.

'માલા' જગત સ્નેહતણી, રજનીશ કહ્યા તિમિર હરે;
'દિનેશ' જ્ઞાન પ્રકાશ કહે, 'મીન યુગલ' સજાતિ ભાસિસ છે. ૪૬.

'જયમાલ કલશ' સુખામૃતના, 'સરવર' સહસ્ર લક્ષણના;
'સાગર' ગુણ ગંભીર સુતના, ત્રિભુવનપતિ 'સિંહરાજ'ના. ૪૭.

'વિમાન' દેવથી આવીયા, 'નાગભવન' ત્રિજ્ઞાન કહ્યાં;
'શશિરતન' ગુણ શ્રેષ્ઠના, 'અગ્નિ' કરમ અષ્ટ દહ્યા. ૪૮.

જે જ્ઞાનમાં મુજ આવીયા તે પૃથક્ ફળ દર્શાવીયા;
પુણ્યાતમા દેવી મહા! જિનરાજ ગર્ભે આવીયા. ૪૯.

અષ્ટાન્હિકા, સિદ્ધચક્રના પૂજન મહા રચશું અહા!
પ્રણામ કરી પ્રિયતમને રનિવાસમાં ચાલ્યાં ગયાં. ૫૦.

છપ્પન દિક્કુમારિકા આવી પરિચર્યા કરી;
તે ગાન શ્રૃંગારે તથા ઉપચારમાં લાગી ગઈ. ૫૧.

શયનગૃહ દ્વાર સજાવી, ભૂષણ, પાક, છપ્પન કર્યા;
કવિતા, કલા, પ્રવીણતા શાસ્ત્રતણી જ્ઞાતા મહા! ૫૨.

આદેશનું પાલન કરી ગ્રહણી કર્તવ્યો ગ્રહ્યાં;
કૃપાદૃષ્ટિ એ વિનયથી પરિચર્યા અધિકારો મળ્યા. ૫૩.

મંજન, અંજન, પરિધાનમાં કેશાવલિ, પ્રસાધને;
સિંદૂર, તિલક, મેંદી રચી આભૂષણો અંગે ધરે. ૫૪.

પૂજન સમય સામગ્રીમાં કે આરતી, ધૂપાયને;
હાજર રહી નૃત્યો કરી વાદ્યો બજાવી રીઝવે. ૫૫.

જયમાલ શાસ્ત્ર સ્વાધ્યાયમાં હાજર સદાયે રહે;
વિશ્રામ, ભોજન, ભ્રમણ કે શયન સુધી સેવા કરે. ૫૬.

ત્રિભુવનપતિ, સૃષ્ટા વળી નવયુગ ભાગ્ય વિધાતાને–
નિજગોદમાં ઉછેરવા સૌભાગ્ય કોને સાંપડે? ૫૭.

શરદ પૂનમ સિદ્ધાર્થ નૃપ રાણી ત્રિશલા પાસ ગયા;
સ્વાગત, વિનય સત્કારીને, જિનજનની પ્રશંસા કર્યા. ૫૮.

ખાઓ, પીઓ, જલપાનને ઉપભોગમાં ના કમી રહે;
ઈચ્છા બધી પૂર્ણ કરો, સેવાર્થ સૌ હાજર રહે. ૫૯.

નિજ પ્રશંસાને સાંભળી ત્યાં ત્રિશલા લજ્જિત બની;
ના ભોગ ને ઉપભોગની અનુરક્તિ મુજમાં છે જરી. ૬૦.

ઈન્દ્રિય વિષય અનુરાગ ના, આતમ મહીં હું લીન રહું;
જિનવરને નિજગોદ ધરી વિચાર પવિત્ર વિચરું. ૬૧.

સિદ્ધાર્થ સુણી ઉત્તરને ભાષા હિત, મિત સાંભળી;
પ્રસન્નતા ઉર ધારીને શાસન કરે નિશ્ચિંતથી. ૬૨.

પ્રકૃતિ તણી અનુકૂળતા અધ્યાત્મતા વધતી ગઈ;
જિનવરતણાં ભાવી તણી પર્યાય સ્વપ્ને સાંપડી. ૬૩.

'ચેટક' નૃપ ત્રિશલાતણી હેમખેમને પૂછાવતા;
પિતૃતણાં એ પ્રેમને સંતાન પર વરસાવતા. ૬૪.

છપ્પન દિક્કુમારિકા તાત્વિક પ્રશ્નો પૂછતી;
માતા સમિપ વિવેકથી ઉત્તર મળે વિનંતી કરી. ૬૫.

નવ તત્ત્વનાં, છ દ્રવ્યનાં, સમકિતનાં, દૃષ્ટિતણાં;
નિમિત્ત-ઉપાદનનાં, નય, જ્ઞાનનાં, દેવાદિનાં. ૬૬.

કર્તા-કર્મ, પુરુષાર્થના, સંસારની ગતિ ચારના;
ને ભાવના દ્વાદશતણાં પ્રશ્ન સમાધાનો થયા. ૬૭.

એ રીત ઉત્તર સાંભળી, કુમારિકા પ્રસન્ન બધી;
ધાર્મિકતા જિન માતના શ્રદ્ધાનમાં વૃદ્ધિ થતી. ૬૮.

ધર્મ પ્રસંગો બહુ થયા, નવમાસ પણ વીતિ ગયા;
કુદરત રહી સાથે સદા, મુહૂર્ત શુભ પ્રાપ્ત થયા. ૬૯.

શુક્લ પક્ષ ત્રયોદશી, ચૈત્ર, ઉત્તરા ફાલ્ગુનિના–
રોહિણીના દિન સોમમાં, શુભ મુહૂર્ત સૌ સાથે થયા. ૭૦.

નક્ષત્ર યોગ, તિથિવાર સૌ શુભ સ્થાનમાં ગોઠવાઈ ગયા;
પ્રભુ તણા અવતાર સૌ આવકારવા ઉત્સુક થયા. ૭૧.

નિર્મળ દિશાઓ બધી ને વ્યોમ નિર્મળ ભાસતું;
રજની ગઈ રોકાઈ, સૂરજ તેજ ત્યાં વ્યાપી ગયું. ૭૨.

જન્મ સમય ત્રિલોકમાં પર્યાવરણ ત્યારે ફર્યું;
શાંતિ સર્વત્ર સાંપડી, નારક દુ:ખ પણ શમન થયું. ૭૩.

કરુણા વધી. યુદ્ધો નથી, ક્રોધ તજી સહુ શાંત થયા;
સિંહ, વાઘ, કુતરા, ઘાતકી હિંસક નહીં કોઈ રહ્યા. ૭૪.

ના શોક છે, ના ક્રોધ છે, વિરોધ-વેર શમન થયા;
જિનરાજ જન્મ કલ્યાણકે કલ્યાણવેળા શી અહા! ૭૫.

દાસી સમૂહ દોડીને સિદ્ધાર્થને વધાઈ કહે;
હે નાથ, જન્મોત્સવ રચો ત્રિલોકીનાથ અવતરે. ૭૬.

તે સાંભળી સિદ્ધાર્થને આનંદ અનુભૂતિ મહા!
જિનપતિ તણાં અવતરણથી ધન્ય ગૃહ મુજ આજ, અહા! ૭૭.

સૌ દાસીને હીરા, સુવર્ણ આભૂષણ ઉપહારો કર્યાં;
પરિધાન જે બહુ કિમતી તે ભેટમાં તૂરત દીધાં. ૭૮.

તે ભેટ ને સોગાદ સૌ રાણી ત્રિશલા બતલાવવા;
દાસી ગઈ દોડી સહુ, ગુણગાન ગાવા નૃપતણાં. ૭૯.

નાટક વળી નૃત્યોતણાં સંગીત ઉત્સવો થયાં;
સામન્ત સહુ અધિકારથી વિવિધ આયોજન કર્યાં. ૮૦.

રાજભવન, બજાર, ઘર, નગર ને ચોક, મારગ તથા–
સૌ દ્વાર, ઉપવન, વૃક્ષ ને ઉદ્યાન, શણગારો સજ્યા. ૮૧.

શિલ્પી અને કારીગરે કુનનગરને શણગારીયા,
ધૂપાયનો, ચિત્રો,કળશ, ધ્વજા ભીંતે, આંગણ, અહા! ૮૨.

કેદી બંધન મુક્ત થયાં, પક્ષી પીંજરથી છૂટીયાં;
કરમુક્ત, ઋણમુક્ત થયાં, સિદ્ધાર્થ બહુ ઉદાર થયા. ૮૩.

ધન દાનથી લક્ષ્મી વધી, દુ:ખ ક્લેશ સૌ દૂર થયા;
વિદ્વાન સન્માનિત થયા, પકવાન પ્રાણીને મળ્યા. ૮૪.

માનવ, તરુ, પ્રાણી બધાં ભૂખ્યા નથી કો નગરમાં;
જિનજનમતા સંગીત, ગીત નૃત્ય,અભિનય બહુ થયા. ૮૫.

નભ, અવનિ સૌ ગુંજી રહ્યાં, વ્યાયામ, કુસ્તિ દાવ શા!
ધર્મકથા, શાસ્ત્રસભા, વિધાન વિવિધ આદર્યાં. ૮૬.

સ્તવન, જિનગુણગાન ને ધર્મામૃતો ચૈત્યાલયે;
જિનરાજનો જનમ થતાં સૌ કોઈ આનંદિત બને. ૮૭.

ગંધર્વ, દેવ, અપ્સરા રથ, ગજ, વૃષભ લઈ ચાલીયા;
ઉર્વશી, રંભા, મેનકા, સુર સાથ અવની આવીયા. ૮૮.

જયનાદથી, ગાયનથકી, નર્તન, સંગીતથી ચકિત બધાં;
દેવી 'શચી' ગુપ્તરૂપે જિન નિરખવા ત્યાં આવીયા! ૮૯.

જિન જનનીને સુવડાવીને અન્ય શીશું ત્યાં રાખતી;
માયા કરી કુમાર લઈ ચાલી ગઈ તે દ્વારથી. ૯૦.

અભિષેકના ઉત્સવમાં સેના લઈ દેવો ગયા;
વીતરાગના દર્શન થકી ભાગ્યોદયે સૌ ખુશ થયા. ૯૧.

'સૌધર્મ' ઈન્દ્ર ગોદ લઈ, 'ઈશાન' છત્ર સાથે રહ્યા;
'સાનત' ચામરને ઢાળતા, 'માહેન્દ્ર' સાથે ચાલતા. ૯૨.

કિન્નરિયો નાચી રહી, વાદ્ય ગંધર્વે ગ્રહ્યા;
ઈન્દ્રાણીઓ ગાતી રહી, જયકાર સૌ કરતા હતા. ૯૩.

સુમેરુના પાન્ડુક નામે વન શિલા ઉપર લઈ ગયા;
સિંહાસને મણિરૂપ ત્યાં બિરાજમાન જિનને કર્યા. ૯૪.

છત્ર, ચામર, ઘટ, મુગટ ને ઠૌના, ધજા ઝારી અને–
વ્યંજન મંગળ તે આઠ જે તે દ્રવ્ય શિલાપર ધરે. ૯૫.

દુંદુંભી , વાજા વાગતા, સુગંધ ત્યાં પ્રસરી રહી;
'સૌધર્મ' ને 'ઈશાન' બે ઈન્દ્ર પ્રથમ કળશોને ભરી. ૯૬.

અભિષેક જલધારા તણો જિનરાજ નહીં કંપિત બને;
સહસ્રથી અધિક અષ્ટ કળશ અભિષેકે વહે. ૯૭.

ચંદન તણી અગ્નિ મહીં ત્યાં ધૂપ વિશુદ્ધ નાખીને;
પૂજન પૂરણ અભિષેકથી જિનરાજ ગોદમંહી ધરે. ૯૮.

ઈન્દ્રાણીએ કરી લેપ, તિલક, મુકુટ મસ્તક ધારિયા;
ચૂડામણિ શિર પર ધરી, અંજન નયન મહીં કર્યા. ૯૯.

કુંડલકર્ણ, મણિહારને કન્ઠમહીં રાખ્યા પછી;
કટિસૂત્ર, શ્રૃંગાર કરી ઈન્દ્રાણી 'શચી' નિરખી રહી. ૧૦૦.

કાયા ઘણી મનહર, સહસ્ર આંખ ના તૃપ્તિ થતી;
હો લાખ આંખ તૃપ્તિ નહીં, ઈન્દ્ર કરે સ્તુતિ પછી. ૧૦૧.

લઈ ગોદમાં પ્રભુ આપને અમ ગોદ છે ધન્ય બની;
કલ્યાણ જનમ મનાવતા થઈ રહેલ છે આનંદ અતી. ૧૦૨.

ઐરાવતે બેસાડીને સૌ ત્રિશલાની પાસે જઈ;
નિદ્રાહરીને જિનવરને સોંપી છળ-કપટની વાત કહી. ૧૦૩.

રાજાંગણે મેળો થયો, સૌ લોક દોડી આવીયા;
સુરપતિતણાં નાટક નીરખી, સૌભાગ્ય સૌના ફળ્યા. ૧૦૪.

અભિષેકના ઉત્સવના દૃશ્ય બધા સાદૃશ્ય થયા;
પ્રત્યક્ષ શા નીરખી કહ્યાં જે દેવલીલાથી થયા. ૧૦૫.

સુરપતિએ પૂર્વજનમ પ્રભુ તણા દેખાડીયા;
તે ભીલના, સૌધર્મના, મરિચિ થયા, બ્રાહ્મણના. ૧૦૬.

ભારદ્વાજ ભવજે પુત્ર ને, સૌધર્મ સ્વર્ગે તે ગયા;
અગ્નિભૂતિ પુત્ર થઈને સ્વર્ગે બહુ કાળ રહ્યા. ૧૦૭.

ગૌતમઘર અવતરી પછી બ્રહ્માખ્ય સ્વર્ગમાં ગયા;
નિગોદમાં, એકેન્દ્રિ પછી શાંડિલ કુમાર તે થયા. ૧૦૮.

ત્યાંથી પછી માહેન્દ્રમાં વિશ્વભૂતિ રાજકુંવરમાં;
સુરપુર ગયા દસમે પછી વિષયકષાયે નરકે ગયા. ૧૦૯.

ગંગાતટે સિંહના ભવે, હિંસા કરી નરકે ગયા;
વનરાજ દેહે સમકિતથી તે સ્વર્ગ સિંહકેતુ થયા. ૧૧૦.

કનકોજ્વલે તપ બહુ કરી સુરધામ લાનત્વે ગયા;
અવધપુરી સુત સમાધિ મરણે દેવમાં ત્યાંથી ગયાં. ૧૧૧.

પુનરુકિણી ચક્રી બની તે દેવમાં પાછા ગયા;
નંદિવર્ધન સુતમાં અહો તીર્થંકરત્વ બંધ પામીયા. ૧૧૨.

તે કારણે પુણ્યબળે તે દેવ અચ્યુતેંદ્ર થયા;
એકાવતારી દેવ તે ત્રિશલાઉર આવી અવતર્યા. ૧૧૩.

ત્યાં ત્યાર પછી સુરપતિવડે તાંડવતણા નૃત્યો થયાં;
ત્યાં એકને અનેક થઈ મુદ્રા વિવિધ દર્શાવતા. ૧૧૪.

કિન્નરિયા નૃત્યો કરે મહિલામંડળ પાસે જઈ;
ભૂપર, અમ્બર, આંગળીપર નૃત્ય કરે વાદ્ય લઈ. ૧૧૫.

તત્કાળ ત્યાં તીર્થંકરનું 'વીર' નામ ઈન્દ્ર રાખીયું;
ત્યાંથી પછી ઈન્દ્ર, અપ્સરાએ ઈન્દ્રલોકે પ્રયાણ કર્યું. ૧૧૬.

ત્યાં ભેંટ, વધાઈ વિવિધ પ્રકાર આયોજન બહુ થયું;
નખથી લઈ મસ્તક સુધી જિનબાળનું રૂપ નિરાળું હતું. ૧૧૭.

સિદ્ધાર્થ જેવી આંખને મા ત્રિશલા સમ ભાલ, અહા!
હાસ્ય રહે મુખપર સદા, ના રુદનના અણસાર જરા. ૧૧૮.

દસ દિવસમાં જાતકરમ ને ચંદ્ર–સૂર્ય દર્શનતણાં;
ઉત્સવ વૈશાલી થયા સૌ પ્રફુલ્લિત બહુ દીસતા. ૧૧૯.

ને બારમા દિન આવીયા સામન્ત, સ્વજન સામટા;
સત્કારથી સિદ્ધાર્થ ઘર જિન નામકરણ સંપન્ન થયા. ૧૨૦.

જિન જનમતા સૌ વાતની વૃદ્ધિ થઈ છે મુજ ઘરે;
'વર્ધમાન' નામકરણ વડે સિદ્ધાર્થ સમ્મત સૌ બને. ૧૨૧.

સુંદર વધુ, વય, જ્ઞાનમાં વૃદ્ધિ સદા વૈભવ મહીં;
ત્યાં દાસ, દાસી, ધાત્રિઓ બહુ મિત્રની વૃદ્ધિ રહી. ૧૨૨.

શૈશવમહીં ક્રિડાબહુ પણ કલહ, કટુતા ના જરા;
પરિગ્રહ ને આરંભ નહિ, અતિધીર, ઉચ્ચ વિચારતા. ૧૨૩.

અસત્ય, હિંસા, પાપ ના, નિપુણ્યતા ને ગુણઘણાં;
પ્રખ્યાત, પ્રવીણ, પ્રબુદ્ધતા, મન-વચન-કાયની શુદ્ધતા. ૧૨૪.

'સંજય', 'વિજય' મુનિરાજના સંશયબધા દૂરે થતાં;
'સન્મતિ' નામ સૂચવીને નિઃસંશય થઈને ચાલીયા. ૧૨૫.

ફણિધરનગ પરાસ્ત કરી, નિર્ભય ફણ આસીન થયા;
તે નાગરૂપ દેવે નમીને, યાચી ક્ષમા તે ચાલીયા. ૧૨૬.

પરીક્ષક તે પ્રશંસક થઈ ત્યાં વીરને 'મહાવીર' કહ્યા;
નિર્ભય વળી બળવાનને 'મહાવીર'થી સૌ જાણતા. ૧૨૭.

એ રીત ઈન્દ્ર, જનકવડે, મુનિ, સુરથી નામો થયા;
તે 'વીર', 'સન્મતિ' વળી 'વર્ધમાન', 'મહાવીર' થયા. ૧૨૮.

નિરંકુશ ગજ કોપિત થઈ ઉત્પાત્ત ભર્યું વર્તન કરે;
સૂંઢ પકડી મસ્તક પરે બેસી ગયા 'અતિવીર' તે. ૧૨૯.

આગમ અને પુરાણનું જ્ઞાન અદ્વિતીય જિનરાજને;
અવિરોધ વિવેચન કરે એ નય અને પ્રમાણને. ૧૩૦.

વિદ્વાન બહુ જ ચકિત થતા તત્ત્વદર્શને પરાસ્ત કરે;
ઈતિહાસ, ગણન, સંગીતને કાવ્ય, કલા, નિષ્ણાંત તે. ૧૩૧.

સ્વયંબુદ્ધ, જ્ઞાની પ્રખર, રાજનિતિજ્ઞ, મનો વિજ્ઞાની તે;
પ્રવીણ, સર્વાંગીણ તે, જગતગુરુ, ધુરંધર, ધીર તે. ૧૩૨.

યૌવન સહજ વિકારના, આત્મચિંતન વૃદ્ધિ થતાં;
વૈરાગ્યતા વધતી જતી, નિજ કલ્યાણની થઈ ભાવના. ૧૩૩.

યૌવન સુંદરતા નીખરી, શૈશવ સરલતા પણ રહી;
બળ, બુદ્ધિ, વૃદ્ધિ કરતી ઊંચાઈ સાત હસ્ત થઈ. ૧૩૪.

ભય, નિદ્રા, આહાર ને કામ પશુપણ આચરે!
ચતુર્ગતિ આ સંસારમાં સૌ દુઃખથી ત્રસ્ત અરે. ૧૩૫.

હિંસક બધા સમાજમાં પશુમેઘ, નર હણાય છે;
ઉચ્ચ, નીચ જ્ઞાતિભેદોમાં ક્ષુદ્રો બધાને ત્રાસ છે. ૧૩૬.

સો ત્રણ ત્રેંસઠ વિધિધ લોકો ધર્મ મનાવી રહ્યા;
છે નારીનું સમ્માન નહિ, દેવો અનેકને સ્થાપીયા. ૧૩૭.

પંખી તણો મેળો અહીં, ભેગો થયો, છૂટો થશે;
શાશ્વત એક, અધ્રુવ બધું, કલ્યાણ કર તારું હવે. ૧૩૮.

કો પણ કટોકટ સમયમાં, કાઢ સમય તું જ્ઞાનાદિનો;
જીવન અમૂલ્ય ચાલ્યું હવે વ્યર્થ ન જવાદે હવે. ૧૩૯.

વૃદ્ધત્વ છે નહીં જ્યાં સુધી, શરીરમાં વ્યાધિ નહીં;
ઈન્દ્રિય શિથિલ ના થઈ, હિત તારું કરી લે ત્યાં લગી. ૧૪૦.

સિંહાસને પ્રભાતમાં તે સાંજના સ્મશાનમાં;
સંસારમાં બનતું જુએ પણ મુઢને વૈરાગ ના. ૧૪૧.

આ કાળ જપટું મારતો ને કામ તો બાકી ઘણાં;
છે એમ જેને લાગતું તે દોડી અંદરમાં જતાં. ૧૪૨.

એ રીત ચિંતન ચાલતું વૈરાગ્યમય ભાવો રહ્યા;
સંસાર દુ:ખરૂપ જાણીને વીતરાગ થવા ઉતાવળા. ૧૪૩.

મા ત્રિશલા પુત્રવધુની મનકામના કરતા હતા;
બહુ રાજવી નિજપુત્રીને પરણાવવાને ઈચ્છતા. ૧૪૪.

સંદેશ, ચિત્રો આવતાં, બાળા ઘણી મોહિત હતી;
પણ 'વીર'ના વૈરાગ્યથી હતી અનભિજ્ઞ એ બધી. ૧૪૫.

નારી થકી વિરક્ત ઘણો અતિવીરનો વૈરાગ હતો;
તે મુક્તિનારી મોહિત, સુંદરી સંગાથ ના હતો. ૧૪૬.

આસક્ત ના, નહિવાસના, ના ભોગી હતા ભોગો છતાં,
યોગી ખરા, યુવક છતાં શિશુસમ ભોળા લાગતા. ૧૪૭.

મા ત્રિશલા અતિવીરને વિવાહ કરવા વિનવે;
બહુ વિધ તે વર્ણન કરી પ્રસ્તાવ તેને સૂચવે. ૧૪૮.

રાજા કલિંગના 'જિતશત્રુ'ની રાજદુલારી અનૂઠી છે;
નામે યશોદા સર્વગુણમાં પસંદ આવે એવી છે. ૧૪૯.

સ્વભાવને સુંદરતામાં તે અનુરૂપ થનારી છે;
પ્રકૃતિ, રંગે, લજ્જા શીલે, લાવણ્યે અતિ પ્યારી છે. ૧૫૦.

મોહક, મનહર, આકર્ષક ને મન પણ નિર્મળ તેનું છે;
શબ્દાવલી છે અતિ મધુર લાખોમહીં નિરાળી તે. ૧૫૧.

રૂપવતી તે, કલાવતી છે, સંબંધ તે સર્વોત્તમ છે;
સ્વીકાર કરી જીવન સહચરી બનાવો શીઘ્ર હવે. ૧૫૨.

'સન્મતિ' સ્વીકૃતિ તમારી, બસ હવે 'હા' કહી દ્યો;
હીરા, સ્વર્ણાલંકાર બનાવું, બસ 'ના' નહિ હવે કહેશો. ૧૫૩.

માની મમતા, તર્કોબધાં પણ વીર ને નડ ગાવતા;
ધ્રુવ તારક શા અડગ રહી બોલ્યા 'વીર' સમતા ધરતા. ૧૫૪.

આયું ઘટ્યું, હિંસા વધી, સ્વાર્થી, અધર્મીઓ ઘણાં;
નારી દશા વિષમ ઘણી, ક્ષુદ્રો બધાં શોષિત થયાં. ૧૫૫.

હિંસા પશુ ક્રુરતા વધી, કલ્યાણ મારગ લોપ છે;
રખડી હવે હું થાકીયો, મોક્ષ હવે ના દૂર છે. ૧૫૬.

સુખ મારું છે મારામહીં બાહ્ય વિષયોમાં ના જરી;
પ્રતીતિ કરી, અંતર્મુખ જે સુખ સ્વાદ લે છે તે સુખી. ૧૫૭.

ચેતન વિષયને ચૂકીને વિષયોમહીં સુખબુદ્ધિથી;
અજ્ઞાનીઓ દિનરાત છે વિષયોમહીં રહ્યા બળી. ૧૫૮.

જીવો અરે! આનંદથી ભરપૂર આત્માને તમો–
સંભાળીને, આત્માતણાં રસશાંતમાં મગ્ન બનો. ૧૫૯.

સંયોગ ઉદાસીન વળી વિકલ્પ-ઉદાસીન ને–
પર્યાયથી ઉદાસ તે આત્માતણી પ્રાપ્તિ કરે. ૧૬૦.

જ્યાં મોક્ષ છે ત્યાં જ્ઞાન છે, સુખ, વીર્ય, પ્રભુતા પૂર્ણ છે;
આનંદ છે, દર્શન અને ચારિત્રથી પરિપૂર્ણ છે. ૧૬૧.

પરનું વહાલ નિરંતરે છે મૂઢ તેથી તે રહ્યો!
ક્ષણમાત્ર પણ નિજનો કરે જો પ્રેમ, મોક્ષ મળે અહો! ૧૬૨.

તલવાર બે ન રહી શકે જ્યાં મ્યાન એકજ હોય છે;
ચેતન અને સંસારનો મહિમા ન સાથે રહી શકે. ૧૬૩.

એ રીત તત્ત્વજ્ઞાનથી ભરપૂર વાતો સુણીને;
મા ત્રિશલા, સ્વજન સહુ, 'સન્મતિ' સમ્મત બને. ૧૬૪.

પરિણયની તો વાત નહીં, પણ રાજમુગટ શિર ધારવા;
સિદ્ધાર્થ છે સમજાવતા રાજ્યાભિષેક સમ્મત થવા. ૧૬૫.

છે યોગ્યતા સૌ વાતની ના ખામી કશી કો લાગતી;
સમ્રાટ બની રાજ્ય કરો પ્રજા બનાવો સુખી અતિ. ૧૬૬.

રાજ્ય કરો, ન્યાયી બનો, ધાર્મિક ઉત્સવ પણ કરો;
જનહિત કરી, કલ્યાણનિજ ને પરતણું કરતા જજો. ૧૬૭.

થોડા વરસ રાજ્ય કરી, છોડી પછી ચાલ્યા જજો;
ત્રિરત્ન તો છે સાંપડ્યા, તપસ્યા અંતિમ વર્ષે કરો. ૧૬૮.

વિરાગી વીર રાજ્યતણાં પ્રલોભને ના વિચલિત થયા;
રાજ્ય નહીં રોકી શકે વૈરાગ્ય ભાવના પ્રબળ જ્યાં. ૧૬૯.

રાજ્યાસને યુદ્ધો થતાં, અન્યાય, અપરાધો ઘણાં;
હત્યા અને છળકપટ ને ભોગો ઘણાં, દાનવ થતાં. ૧૭૦.

સ્વાર્થ બહુ, પાપો ઘણાં, સંહાર, શોષણ સામટા;
બંધન બહુ, પરિહાર ને શત્રુતણો ના પાર ત્યાં. ૧૭૧.

સિદ્ધાર્થ સમજવાટ બધી નિષ્ફળ ગઈ, ના કામની;
એ રીત ઓગણત્રીસ વરસે વૈરાગની હેલી ચઢી. ૧૭૨.

વૈરાગ્યની વધતી દશામાં ભાવના આ ભાવતા;
જ્ઞાન અવધિમાં પૂરવના ભવ દુઃખ બધાં તાદૃશ થયા. ૧૭૩.

સ્વર્ગ, નરક, માનવ, પશુ, સૌ દુઃખ જે પૂર્વે સહ્યાં;
ભીલ, ચક્રી, મુનિ પણ થયાં ચતુર્ગતિમાં જે ભમ્યા. ૧૭૪.

ઋષભ સમય ચક્રી ભરત સન્તાન, બહુકાળથી–
રખડી રહ્યાં, પણ મોક્ષની પ્રાપ્તિ નહીં, તોપણ અરે! ૧૭૫.

જ્યાં જન્મ નહિ મારો થયો એવું નથી કો સ્થાન અરે!
છોડી સીતા રામે જંગલમાં ના કોઈ શરણ છે જગમાં, ૧૭૬.

સંસાર સુખ એ સુખ નથી એની કરવી ચાહના જરી;
આ જીવ આવે એકલો ને એકલો જાતો કહીં. ૧૭૭.

આ શરીરથી ભિન્ન આતમ માનો નહીં એકત્વ તહીં;
આ દેહ અતિ અપાવન છે પગ નખથી શીરના બાલ સુધી. ૧૭૮.

મિથ્યાત્વ મદ છે જ્યાં સુધી સમકિતની પ્રાપ્તિ નહીં;
શુદ્ધિ વધાવે ચારિત્રમાં ના કર્મ આસ્રવતા પછી. ૧૭૯.

શુભભાવ તે નિર્જરા, સ્વભાવના જોરે કરી;
વૃદ્ધિ થતાં ત્યાં શુદ્ધતા જે રાગ ટળે તે નિર્જરા. ૧૮૦.

ચક્રવર્તી, નારાયણ થયો, સમકિતની પ્રાપ્તિ નહીં;
ભવસાગરે ડૂબી ગયો પણ પાર ના આવ્યો કદી. ૧૮૧.

ચૈતન્ય મહિમા સહિતની વિભાવ મહિમા જો છૂટે;
સંસારનો મહિમા છૂટે તે જીવ ચેતન સમીપ છે. ૧૮૨.

નિગોદમાંથી ત્રસપણું, ચિંતામણિ તુલ્ય ખરે!
માનવપણું ને ધરમ તો મળવો અતિ દુર્લભ છે. ૧૮૩.

એ રીત ભાવી ભાવના, વૈરાગ્યની વધતી દશા ;
માતા-પિતા આજ્ઞાવડે વનમાં જવા તૈયાર થયા. ૧૮૪.

સિદ્ધાર્થને મા ત્રિશલા સમજાવવા તર્કો કર્યા;
બહુવાર પ્રયાસો કર્યા, 'વીર' અટલતા ના કમ જરા. ૧૮૫.

એ 'પરમજ્યોતિ' મમત્વથી થઈ પાર ભિન્ન જ ભાસતા;
માતા-પિતા નિરુત્તર થઈ વૈરાગ્ય 'વીર'નો સ્વીકારતા. ૧૮૬.

'વીર' વનગમનની જાણ થતાં દર્શન સૌ કરવા ગયા;
એ ખબર વિજળી જેમ બધે ગામ બહુમાં પહોંચી ગયા. ૧૮૭.

ત્યાં 'વીર' સહુને ધન, બહુ આપી ધનવાન બનાવતા;
દ્રશ્ય અલૌકિક લાગતું બાળ-વૃદ્ધો સહ આવી ગયા. ૧૮૮.

એ જાણી વંદન કાજ ત્યાં લૌકાંતિક દેવો ધસી ગયા;
નિર્ગ્રંથ અવસ્થા ધન્ય અહા! સૌભાગ્ય છે ક્યાં અમ પ્રભો! ૧૮૯.

દીક્ષા મહોત્સવ કાજઅહીંયા સ્વર્ગથી ઉતરી આવીયા;
આત્મધરમ પથપ્રદર્શકને સૌ નમન કરવા આવીયા. ૧૯૦

આ યુગના ભાગ્ય મહા! સાધક નવલા સાંપડ્યા!
સિંહાસનોને ત્યાગીને જે કામ વિજેતા થયા. ૧૯૧.

ભાગ્ય અહો માતા-પિતા જે ઘર જિનવર જનમિયા;
શિક્ષાવગર નિજશક્તિથી વૈરાગ્યની પ્રાપ્તિ કરી. ૧૯૨.

રાજ્યતણો ના લોભ કંસ, દુર્યોધનાદિ છોડી શક્યા;
કૈકઈ, ભરત, શ્રીપાલ વળી નેતા નહીં ત્યાગી શક્યા. ૧૯૩.

તે સિંહ આસન ક્ષણમાં તજીને વનજંગલમાં વિચરવા;
ધન, પરિગ્રહોને ભોગને ક્ષણવારમાં ત્યાગી દીધાં. ૧૯૪.

વનગમન અવલોકી સહુ આશ્ચર્યથી મુગ્ધ થયા;
નિર્વિકાર દેખતા અતિ કરુણાભરી દૃગ ગાગરમાં. ૧૯૫.

ઓગણત્રીસ, ત્રણમાસ, દિન વીસ જ્યારે વીતી ગયા;
માગશર વદ દશમી દિને શિવપથ પ્રતિ પ્રયાણ થયા. ૧૯૬.

વિદ્યાધર સુર પાલકી લઈ 'જ્ઞાત્રિખંડ' ઉદ્યાન ગયા;
દીક્ષાતણું આયોજન ત્યાં બહુ મનોહર, ભવ્ય અહા! ૧૯૭.

કણકણ બધે શાંતિ થઈ, મલ રહિત શુદ્ધ આકાશ થયું;
વનચર, પક્ષી, વનવાસી, ગિરિરાજ સૌ શાંત થયું. ૧૯૮.

શુભ સૂચક સૌ શુકન થતા સન્મતિ શિવિકાથી ઉતર્યા;
રત્નમયી ત્યાં એક શિલાપર 'વીર' કુમાર આસીન થયા. ૧૯૯.

ઉત્તર દિશા મુખ રાખીને બેસી, બધા શૃંગારને–
પરિધાન, મુક્તાહાર, પાદુકા તજી નિર્ગ્રંથ બને. ૨૦૦.

વસ્ત્રો બધાં, ત્યાગી દીધા ના તાંતણો રાખ્યો જરી;
જાતરૂપ કાયા ધરીને નગ્ન દિગંબર દશા થઈ. ૨૦૧.

અંતરંગ ચૌદ, દસ બાહ્ય પરિગ્રહો સૌ ત્યાગી થયા;
સિદ્ધ નમી, અંતર્મુખ થઈ ચેતન વૈભવ લીન થયા. ૨૦૨.

પંચમુષ્ટિથી કેશ બધાએ ઉખાડીને ત્યાં રાખીયા;
આરંભ-પરિગ્રહ ત્યાગીને પરપદાર્થથી ભિન્ન દશા. ૨૦૩.

અટ્ઠાવીસ ગુણ ધારીને વનમાં અંતરલીન થયા;
ધ્રુવ ધારક શા અટલ બિરાજી ધ્યાન મહીં લવલીન થયા. ૨૦૪.

શાંત અતિ એ ધ્યાનમાં આતમમહીં થઈ લીનતા;
સપ્ત લબ્ધિ પ્રગટ થઈ, મનઃપર્યય ઉજાસ થયા. ૨૦૫.

અપ્રમતના ગુણસ્થાનમાં સામાયિકે લાગી ગયા;
ભોજન નહીં, ના નીર પણ, ન ક્ષુધા-તૃષા, પ્રસન્નતા. ૨૦૬.

એકાકી વન-જંગલમહીં ના ભય જરી, મેરુ સમા;
સિંહ વાઘની ત્રાડો પડે, શીત પવન, ન કંપન જરા. ૨૦૭.

ફળ, નીર, પણ લીધા નહીં, નિવર્સન તન ઢાંક્યા નહીં;
ધૂણી નહીં, અન્ન નહીં, દિગ્પાલ પણ ચકિત તહાં. ૨૦૮.

એ ધ્યાનમાં લાગી ગયા, વધતી ગઈ નિર્મળતા;
એ વિજયની હતી સૂચના, વધતી ગઈ વીતરાગતા. ૨૦૯.

અવિચલ પારાવાર છે, દુર્બલતા ન દીસતી જરા;
ઘરબારને ભૂલી ગયા, ત્રણ દિવસ જાણે ક્યાં ગયાં. ૨૧૦.

ત્યાં ધ્યાનની જાગ્રતીમાં 'કુલગ્રામ' પ્રયાણ થયા;
નૃપતિ પડગાહન કરી ત્રણ પ્રદક્ષિણા ત્યાં આપતાં. ૨૧૧.

વંદન કરી ભક્તિવડે વિધિવત્ સમ્માનિત કર્યા;
પ્રથમ વખત પારણા રહ્યો મળી આ લાભ ત્યાં. ૨૧૨.

ઊચ્ચાસન દઈ ચરણ-કમળ ધોયા પૂજન અર્ઘ્ય ધરી;
એ નૃપતિના પ્રાંગણે જનતા બહુ આવી ખડી. ૨૧૩.

સપ્તગુણી દાતાવડે હર્ષવિભોર આહાર દઈ;
પ્રફુલ્લ મન આતિથ્યમાં વિયનથી વંદન કરી. ૨૧૪.

ત્યાં જ્યાં સુધી આહાર ના પૂર્ણ થયો મૌન ધર્યું;
કટુતા, મધુરતા રસતણી, નીરસ-સરસતા ના કશુ. ૨૧૫.

આહાર ગ્રહી તત્કાલ વન પ્રતિ 'વીર' પ્રયાણ થયું;
આશ્ચર્ય પાંચ પ્રગટિયા નરપતિ પ્રમુદિત બહુ. ૨૧૬.

ઘૃણા નહીં, ના પ્રેમ છે, સામ્ય સદા, કરુણા રહી;
ઉદાસ નહિ, હાસ્ય નહીં, પીડા નહીં, પહોંચાડવી. ૨૧૭.

ત્યાંથી 'કમરી' ગામે ગયા ત્યાં ગોપ ઉપસર્ગ થયો;
ત્યાં મૌન મુનિ અવલોકી પશ્ચાતાપ પરિવર્તન થયું. ૨૧૮.

ત્યાં ચાલીને 'કોલ્લાગ' ને 'મોરાક'માં તપ આદર્યા;
વનવાટમાં એ ચાલતા ન સવારી એ રાખતા. ૨૧૯.

પંદર દિવસ, આઠ વખત ઉપવાસ ચાતુર્માસના;
એ રીત પ્રથમી વર્ષાતણા એક સ્થાનમાં તપ આદર્યા. ૨૨૦.

'અસ્થિક', 'વાચાલા' મહીં કઠીન નારગ વીર ચાલીયા;
નિર્ભય અને ગંભીર તે વિપદા થકી એ ના ડર્યા. ૨૨૧.

પ્રતિદ્વદિના પ્રહારથી આવેશ ના થાતો અરે!
ના ક્લેશ છે, કેવલ્યની તેને ખરી એક ચાહ છે. ૨૨૨.

દૃષ્ટિ વિષ સર્પ જ્યાં વસે એ માર્ગ પર તે ચાલીયા;
ગોપાલકોએ રોકીયા તોપણ વિચલિત ના થયા. ૨૨૩.

ક્રોધિત થઈ વિષ ઓકીયો પણ અહિત ના કરી શક્યો;
ક્ષમાધરી, ઉપસર્ગ સહી, ના ધ્યાનથી વિચલિત, અહો! ૨૨૪.

એ સર્પના બિલ નજીક એ ધ્યાનમાં લીન થઈ ગયા;
ના સર્પના ફુંકાર દૃષ્ટિ પ્રહારથી વિચલીત થયા. ૨૨૫.

અપરાધ ભાન થતાં પછી વંદન થયું, પ્રભુ જાગીયા;
તું 'ચન્ડકૌશિક' કુલપતિ પૂર્વભવેથી અહીં આવીયો. ૨૨૬.

એ જાણીને હિંસા તજી માર્ગ નવલો અપનાવીઓ;
અનશન ધરી પંદર દિને સ્વર્ગલોક એ સીધાવીયો. ૨૨૭.

'વાચાલ' જઈ 'સેયવિયા' પ્રદેશી રાજના વંદન થયા;
'સુરભીપુરે' ત્યાથી પછી 'થુણાક' ગામે પધારીયા ૨૯.

'પુષ્પ' મહા સામુદ્રિક નિજ શાસ્ત્ર ખોલી દેખતો;
આ તો મહા ચક્રવર્તી લંગોટ તન ન રાખીયો. ૨૨૯.

સામુદ્રિક એ નિજશાસ્ત્રને ખોટું ગણિ જ્યાં ફાડવા–
તત્પર ત્યાં, રાજપુત્ર જાણી ક્રોધ પ્રશાંત થયા. ૨૩૦.

'થુણાક' થી 'રાજગૃહ' પછી 'નાલન્દા' રોકાઈ ગયા;
બીજી વર્ષા ઋતુમહીં માસ ક્ષપણ ઉપવાસ થયા. ૨૩૧.

'ગોશાલક' ભિક્ષુ 'વીરની' નિર્મળતાથી દંગ બને;
મોટા વયે શિષ્ય થવા તોપણ અનુરોધ કરે. ૨૩૨.

ચોમાસુ ત્યાં પૂરણ થતાં 'વીર' ત્યાંથી 'કોલ્લાગ' ગયા;
ગોશાલક પણ શોધી 'વીર'ને આશ્રય દેવા વિનવતા. ૨૩૩.

આગળ જતાં ગોવાળ જ્યાં હાંડી ખીર પકવી રહ્યાં;
ત્યં ખીરને ખાવા અરે! 'ગોશાલક' તો ઊભા હતા. ૨૩૪.

મન:પર્યય જ્ઞાની 'વીર' ત્યાં બોલ્યા "ખીર ના પાકશે";
ત્યાં હાંડી ફૂટી ગઈ, 'ગોશાલક' ચકિત થાય છે.' ૨૩૫.

એવી બહુ ઘટના વડે પ્રભાવ બધે વ્યાપી ગયો;
માસ ક્ષપણ, મહાવ્રતોને બાવીશ પરિષહનો સાથ હતો. ૨૩૬.

અંદર નિર્મળતાની વૃદ્ધિ, શુદ્ધિ, જ્ઞાનપ્રકાશ થયો;
ઉપસર્ગ, ઉત્પાત સતાવે, ભિન્ન આત્મા થકી, અહો! ૨૩૭.

'બ્રાહ્મણ' ગામે થઈને 'ચંપા' મહીં પ્રસ્થાન કરે;
ચોમાસુ ત્રીજું વીતાવી, બે માસના ક્ષપણ બે કરે. ૨૩૮.

ક્લિસ્ટાસનથી આત્મ મનન, મન-વચ-તને સ્થિર થયા;
'કાલાય' ગામે ખંડહરે થઈ 'પત્તકાલય' પહોંચી ગયા. ૨૩૯.

'કુમાર' થી 'ચોરાક'માં સમ્માન થયા બહુ ત્યાગીના;
'પૃષ્ઠચંપા' ચોમાસુ જ્યાં ચોથું વર્ષાવાસ વિતાવતા. ૨૪૦

'કયંગલા', 'શ્રાવસ્તી' થી 'હલિદુગપુર' વીર ચરણ ગયા;
અગ્નિતણો ઉત્પાત પણ સ્વયમેવ શમન–શાંત થયા. ૨૪૧.

'નંગલા' થઈ 'આવત્તા' ને 'કલંબુકા' ત્રિશલા લાલ ગયા;
આર્યભૂમિ છોડી અનાર્ય 'રાઢા' ભૂમિ વિહાર થયા. ૨૪૨.

ત્યાં ઉત્પાતો ભલે અનેક, મુનિ સ્વરૂપે સ્થિર હતા;
હિમાલય શા અડગ રહીને વિઘ્નને ભિન્ન જ ગણતા. ૨૪૩.

અનાર્યથી આર્ય 'મલય' વિહાર કરીને પાવન કીધા;
'ભદિલપુર' પંચમ વર્ષામાં નિરાહાર નિવાસ કીધા. ૨૪૪.

'કયલિ', 'જંબૂસંડ', તંબાય' 'કુપિય', વૈશાલી' અને–
'શાલિશીર્ષ' વિહાર કરી 'ભદિયા' વર્ષાવાસ કરે. ૨૪૫.

ચાતુર્માસિક તપ કરીને, છઠ્ઠામાં ત્યાં સ્થિર રહે;
'મગધ' થઈ 'આલંભિયા'માં સપ્તમ ચાતુર્માસ કરે. ૨૪૬.

'કુન્ડાક', 'મદના', 'બહુસાલ' ને 'લોહાર્ગલા' મારગ ચલે;
'જિત શત્રુ' ભૂપ સમ્માન કરે 'પુરિમતાલ' તે ગમન કરે. ૨૪૭

'રાજગૃહી'માં આઠમી વર્ષા આહાર કણ ના ગ્રહણ કરે;
ના છોડવો પડતો હતો, લીનતા–વિકલ્પ ના રહે. ૨૪૮.

ત્યાંથી પછી 'અનાર્ય'માં 'રાઢ' વ્રજભૂમિ ચાલીયા;
ચોમાસુ નવમું કરી છમાસમાં આર્યભૂમિ સંચર્યા. ૨૪૯.

ગોશાલકે ના સાથ 'વીર'નો હજુ સુધીમાં છોડીયો;
'સિદ્ધાર્થપુરી'થી ચાલતા રસ્તે પ્રસંગ નવો થયો. ૨૪૯.

ગોશાલકે તિલક્ષુપ સાત ફુલો જોયા સુંદર;
તેનું ભાવિ 'વીર'ને પૂછતા ખરું પડેલું જોયું તૂરત. ૨૫૧.

'ગોશાલક' છ વર્ષ રહીને 'આજીવક' મત નેતા બન્યો;
પ્રભુ ઉપદેશ ન આપે પણ નિજ સાધના મસ્ત, અહો! ૨૫૨.

'વૈશાલી', 'વાણિજ્ય' થઈને 'સાવસ્તી'માં આવી ગયા;
દસમો વર્ષાવાસ કરીને 'સાનુલષ્ટિય'પુર ગયા. ૨૫૩.

ઉપવાસ ત્યાં સોળ કરીને સંપૂર્ણપણે એ મૌન રહ્યા;
'રઢ' ભૂમિમાં વાસ કરીને અટ્ઠમ તપ ધારણ કરીયા. ૨૫૪.

ધ્યાનીની મહિમા સુણી એક દેવા અવિશ્વાસ થયો;
આજ્ઞા લઈ ઈન્દ્રિયની લેવા પરીક્ષા આવી ગયો. ૨૫૫.

સ્વરૂપ રુદ્ર બિહામણું થઈ, સેના ભીલની પણ રચી;
સિંહ, ચીત્તાની સેના રચી, વર્ષા–ધૂળની વર્ષા થઈ. ૨૫૬.

જંતુ વિષૈલા પણ ના 'વીર' ધ્યાનથી વિચલિત જરા;
માસ છ વીરની સાથ રહી અગ્નિ પરીક્ષા બહુવિધ કરી. ૨૫૭.

'નાબુકા', 'સુભોગ', 'સુચ્છેત્તા', 'મલય' ને 'તીસલિયાં';
'સિદ્ધાર્થપુરી' ફરી આવી 'વ્રજ'ગામે ઉપદ્રવો કરિયા. ૨૫૮.

ધીર, તપી, નિર્ભિક વીરની નિડરતાનો અંત નહીં;
અવિવેકની ક્ષમાયાચીને દેવ અંતર્ધાન થયા પછી. ૨૫૯.

દેવાંગના આભુષણ ને પરિધાન સુંદર ધરીને;
તપસ્યા ચ્યૂત કરવા માટે નાચી બહુવિધ ગાન કરી. ૨૬૦.

વિવિધ રચી જાળ પરંતુ નિષ્ફળ સદંતર રહી;
આસક્ત કરવા આવી હતી, ભક્ત બનીને ચાલી ગઈ. ૨૬૧.

‘શ્રાવસ્તી’, ‘સેયવિયા’ થઈને ‘કૌશામ્બી’, ‘વારાણસી’ ગયા;
‘રાજગૃહ’, ‘મિથલા’ થઈ ‘વૈશાલી’ ચાતુર્માસ અગીયાર થયા. ૨૬૨.

‘વૈશાલી’માં ઉપવાસી વીરના એક, બે, ત્રણ, માસ ગયા;
ચોથે થયા પારણા પણ શ્રેષ્ઠિ પ્રમુખ નિરાશ થયા. ૨૬૩.

‘સૂસુમાર’, ‘ભોગપુર’, ‘નંદી’થી ‘મેઢિયા’, ‘કૌશામ્બિ’ ગયા;
પૌષ કૃષ્ણ પ્રતિપદાએ ઘોર અભિગ્રહ ધારી થયા. ૨૬૪.

કેશવિહિનહો કન્યા વળી સાંકળથી બાંધેલ હો;
હો સતિ કુલીના સ્ત્રી ત્રણ દિવસે કોદરા મળેવ હો. ૨૬૫.

તે કોદરા દેવા મુજને જેનું અંતર લોલુપ બહુ;
હો એટલી શરતોનું પાલન આહાર તેનો લઈ શકું. ૨૬૬.

આ પ્રતિમા ધારી મનમાં જાતા નગરી તરફ સદા;
આહાર દેવા શ્રાવકબંધુ રહ્યા સહુ તલસી સદા. ૨૬૭.

‘મૃગાવતી’ નૃપ ‘શતાનીકે’ અભિગ્રહ શો તે ખોજ કરી;
માસ છ વીતી ગયા પણ ના કો’ને તેની જાણ કશી. ૨૬૮.

‘વષભસેન’ ઘર આવેલી ‘ચંદના’ નામે દાસી હતી;
તે ‘ચેટક’ રાજાની કન્યા અતિ સુંદરતમ દેહ હતી. ૨૬૯.

શેઠાણીને ઈર્ષા થઈ, તેને બંધન કારાવાસ કરી;
ત્રણ દિવસ પછી કોદરા પામી ‘જય મહાવીર’ કહે. ૨૭૦.

અંજલિ બાંધી ઊભા શ્રમણ પારણા છ માસે થયા,
તે ખીર સમાન અંજલિમાં ચંદના’ બંધન મુક્ત થયા. ૨૭૧.

‘ચંદના’ કથા બહુ જાણીતી તેનો નહીં વિસ્તાર અહીં;
વૃષભસેન ને ચેટકઘર આનંદ અપરંપાર થયા. ૨૭૨.

'સુંમગલ', 'સુચ્છેતા', 'પાલક', 'ચમ્પાપુરી' પધારીયા;
ત્યાં બારમું ચોમાસું કરી ચાતુર્માસિક તપ કર્યા. ૨૭૩.

'સ્વાતિદત્ત' દ્વિજ ચર્ચામાં માની લીધા વિદ્વાન મહા!
'જંમિયપુર', 'મિંઢિય'ને 'છમ્માણિ' ધ્યાનસ્થ થયા. ૨૭૪.

ગોવાળનો ત્યાં કોપ છતાં 'વીર' સદા ધ્યાનસ્થ રહ્યા;
બાર વરસ ઉપસર્ગ થયા પણ 'વીર' તો તેથી ભિન્ન રહ્યા. ૨૭૫.

ગામ 'મધ્યમા' ગમન પછી 'જંભિય' ગામ નજીક એ–
ઋજુકુલા નદીના તટે સાલવૃક્ષ નીચે બેસી જઈ– ૨૭૬.

નિષ્ચેસ્ટ કાયાને કરી ધ્રુવના ધ્યાને લાગી ગયા;
પરિણામ વિશુદ્ધ બન્યા સર્વોત્તમ એ ધ્યાનીના. ૨૭૭.

ક્ષપકશ્રેણીમાં શુક્લ ધ્યાનમાં બધી શક્તિ લગાવી ત્યાં;
નષ્ટ થયા સૌ કર્મ ઘાતિયા 'વીર' મહા એ ધ્યાનીના. ૨૭૮.

વૈશાખ સુદી દશમી દિને નિર્મળ કેવળજ્ઞાન થયું;
ત્રણકાળ ને ત્રણલોકનું નિર્મળ જ્ઞાન પ્રત્યક્ષ થયું. ૨૭૯.

ભારત વળી સ્વર્ગલોકમાં 'વીર' તણાં જયઘોષ થયાં;
વિકૃતિ સહુ દૂર થઈને પ્રકૃતિ બહુ અનુકૂળ અહા! ૨૮૦.

બાર વરસ ને છહ માસમાં ત્રણસોને ઉનચાસ દિન;
આહાર બાકીના દિવસ નિરાહાર વિહાર થયા. ૨૮૧.

જ્યોતિષી 'જંભિય'ની પાસે સમવસરણ નવલું રચીયું;
જોતાં ખરે, એ લાગતું સ્વર્ગ અહીં ઉતરી ગયું. ૨૮૨.

ભૂપાલ હો, કંગાલ હો, બ્રાહ્મણ કે ચંડાલ હો;
પુણ્યાતમા, પાપી ભલે, ગુણી-નિર્ગુણી હો ભલે. ૨૮૩.

હો પશુ, પક્ષી હો ભલે નિર્ભય થઈ સાથે રહે;
ઈચ્છે સહુ ક્યારે અહો! ભગવાન વાણીને વદે. ૨૮૪.

વેદવિજ્ઞ 'સોમિલાચાર્યે' યજ્ઞ મહા રાખેલ ત્યાં;
અગીયાર વિદ્વાનો શિષ્યો સાથ ત્યાં આવેલ હતા. ૨૮૫.

તર્ક, પ્રશ્ન, શંકા, સમાધાન ત્યાં થાતાં સદા;
વિદ્વાન બધાં શિષ્ય સેંકડો નિજ સાથે રાખલે હતા. ૨૮૬.

ત્યાં કોઈને ત્રણસો અને કોઈને પાંચસો શિષ્યો હતા;
તોપણ અરે! શિષ્યો વધુ બતલાવવા ઉત્સુક સદા. ૨૮૭.

વિદ્વાન ત્યાં 'ગોવરપુર', 'કોલ્લાગ'ને 'મૌર્ય' તથા;
'મિથિલા' 'તુંગિકપુર', 'કૌસલ', 'રાજગૃહી'થી આવતા. ૨૮૮.

સુરપતિને લાગીયું વિદ્વાન ગણધરને લાયક હતા;
તેથી દ્વિજનું રૂપ ધરી 'ઇન્દ્રભૂતિ'ની પાસે ગયા. ૨૮૯.

સુરપતિ કહે આ શ્લોક એકનો અર્થ મને બતલાવશો;
તો શિષ્ય બનું હું આપનો નહિતર તમો 'હાર્યા ગણો. ૨૯૦.

મુજ ગુરુ ધરે છે મૌન તેથી શ્લોક તમ પાસે કહ્યો;
જો હારશો તો મુજ ગુરુના શિષ્ય બનવું આપને. ૨૯૧.

"દ્રવ્ય છ, નવ તત્ત્વ, ષટ્કાય, લેશ્યા છ વળી;
પંચાસ્તિકાય, વ્રત, સમિતિ, જ્ઞાન, ચારિત ભેદો વળી. ૨૯૨.

મોક્ષતણાં એ મૂળ છે અર્હંત એમ જ ભાખીયું;
શ્રદ્ધા કરે તેની, ખરો ભવ્ય જ તે કહેવાય છે." ૨૯૩.

ઈન્દ્રભૂતિ હારી ગયા સૂર સમવસરણ લઈ ગયા;
ત્યાં માનસ્તંભ દેખીને ગર્વ સહુ ઓગળી ગયા. ૨૯૪.

'પાર્શ્વ' સમય શ્રાવસ્તિમાં 'અંકિત' મહા શ્રેષ્ઠિ હતા;
તે ચંદ્રા' જ્યોતિષ દેવમાં અવતાર ત્યાં ધારણ થયા. ૨૯૫.

તે ઈન્દ્રની રચના બધી આ સમવસરણે સાંપડી;
તેથી જ આ વિસ્મયકર, શાંતિમયી રચના બની. ૨૯૬.

(એ સમવસરણ ભવ્યનું વર્ણન અહીં શક્ય નથી;
સમવસરણ સ્તુતિમાં જાણવું વિસ્તારથી વર્ણન થયું.) ૨૯૭.

ઈન્દ્રભૂતિની શંકાતણું સ્વયં ત્યાં સમાધાન થયું;
ભગવાનની વાણીમહી નવતત્ત્વનું નિરૂપણ થયું. ૨૯૮.

દ્રવ્ય, ગુણ ને પર્યાયનું વિસ્તારથી વર્ણન થયું;
એ સાંભળી 'ઇન્દ્રભૂતિ' ગણધર પ્રથમ સંયમ ધરે. ૨૯૯.

'ઇન્દ્રભૂતિ' સંગ શિષ્ય પાંચસો પણ અહા! દીક્ષિત થયા;
એ જાણી અગ્નિભૂતિ ગયા શંકા સમાધાન સાધવા. ૩૦૦.

કર્મ વિષય શંકા સમાધાને 'અગ્નિભૂતિ' સંયમ ધરતા;
જીવ-દેહની ભિન્ન સમજથી 'વાયુભૂતિ' દીક્ષિત થયા. ૩૦૧.

જગ સત્-અસત્ વર્ણનથી 'આર્યવ્યક્ત' સંયત બનતા;
ગતિ-યોનિના કારણ સુણી 'સુધર્મ' ગણધર બનતા. ૩૦૨.

મોક્ષ-બંધ સમાધાનથી 'મંડિત' પણ દીક્ષા ધરતા;
સ્વર્ગોનું અસ્તિત્વ સુણી 'મૌર્યપુત્ર' સંયમી થયા. ૩૦૩.

નરકગતિના સમાધાનથી 'આકમ્પિક' ગણધર થયા;
પાપ-પુણ્યના વર્ણનથી 'અચલભ્રાત' દીક્ષિત બને. ૩૦૪.

પરલોકની સત્તા સુણી 'મેતાર્ય' દસમાં ગણધર બને;
મોક્ષ સત્તા સાંભળી 'પ્રભાસ' દીક્ષા અગીયાર ધરે. ૩૦૫.

અગીયાર વિદ્યાઓનું શંકા સમાધાન સ્વયં થયું;
તે સૌ દીક્ષાધારી થતાં ગણધરપદમાં સ્થાન મળ્યું. ૩૦૬.

ચાર હજાર ને ચારસો દ્વિજ એક જ દિવસમાં;
દીક્ષા ધરી મુનિ થઈ ગયા કેવળજ્ઞાનની એ મહિમા. ૩૦૭.

શ્રાવક વ્રત સ્વીકારીને દ્વાદશવ્રતધારી એ થયા;
આર્યિકાને શ્રાવકોનો ચતુર્વિધ થયો સંઘ મહા. ૩૦૮.

'રાજગૃહી'થી વિપુલાચલે' સમવસરણ ત્યાંથી ગયા;
પ્રાણી વિરોધી મિત્રો થયા, વનરક્ષક આશ્ચર્ય મહા. ૩૦૯.

બાજ-કબૂતર સાથે ગયા, શ્વાન-બિલાડા ના લડે;
સર્પ-નોળિયો પણ ના લડે, સિંહ, વાઘ ના હિંસા કરે. ૩૧૦.

પક્ષી, પશુ, તરુ, લતા હર્ષિત બધાયે લાગતા;
પરિત્રાણ દુઃખથી પામીયા, પરિવર્તન પ્રભુની પાસમાં. ૩૧૧.

હિંસા નહીં, શાંતિ બધે, ધૃણા નહીં, પ્રેમાળ સહુ;
જંગલમહી મંગલ બધે હર્ષવિભોર બધા બહુ. ૩૧૨.

શ્રેણિક. ચેલના તથા અભયકુમાર સાથે ચાલીયા;
સ્વસ્તિ, ધજા, જયકાર કરતા સામન્તો પણ સાથે ગયા. ૩૧૩.

સ્તંભ, તોરણ, કલશાદિ, ધર્મચક્ર, ધજા, ગંધકૂટીને;
નર, સુર, પશુ, ખગ ભીડ ત્યાં દુંદુંભિ પણ સંભળાય ત્યાં. ૩૧૪.

વૃક્ષ અશોક, છત્ર ત્રણ, બે યક્ષ ચમર સેવા કરે;
ભામંડલ, પ્રાતિહાર્ય અષ્ટ નીરખી સૌ મુગ્ધ બને. ૩૧૫.

શ્રાવણ વદી પ્રતિપદા દિવસ ધ્વનિ દિવ્ય મહા!
આરંભમાં ધર્મોપદેશે છ દ્રવ્ય વિશદ વર્ણવ્યા. ૩૧૬.

દ્રવ્ય-ગુણ-પર્યાય ને સંસાર ભ્રમણ અનાદિના;
ગતિ ચારના દુઃખો બધા પ્રત્યક્ષ જાણે ત્યાં થયા. ૩૧૭.

નર ભવતણી દુર્લભતા મોક્ષસુખની મહત્તા કહી;
નવ તત્ત્વની ઉંડાણથી વિષદ છણાવટ થઈ. ૩૧૮.

આ આતમા સ્વથી અને પરથી પમાય કથિત જે;
તે જૂઠ છે, વિપરીત તેથી તેજ અનેકાંત છે. ૩૧૯.

નવ તત્ત્વની શ્રદ્ધામહીં જો એકની પણ ભૂલ છે;
તો જાણવું એમ જ ખરે સૌ તત્ત્વની ત્યાં ભૂલ છે. ૩૨૦.

આત્માતણાં સ્વરૂપમાં ના ભેદ ગુણ-ગુણી તણાં;
ના સાધ્ય-સાધક, વ્યાપ્ય-વ્યાપક, કાર્ય કે કારણ તણાં. ૩૨૧.

નિજના જ આશ્રયે જતાં સમકિત ત્યારે થાય છે;
આંશિક શુદ્ધ પરિણમન ને સર્વગુણ વેદાય છે. ૩૨૨.

હિંસાદિ ભાવો પાપ છે, દાનાદિ પણ પાપ છે;
સ્વરૂપથી પતિત કરે તે પુણ્ય પણ પાપ જ ખરે. ૩૨૩.

કર્તા સ્વતંત્રપણે કરે, કર્તાનું ઈષ્ટ તે કર્મ છે;
જ્ઞાનીનું ઈષ્ટ તો જ્ઞાન ને અજ્ઞાનીને રાગાદિ છે. ૩૨૪.

પર્યાય દૃષ્ટિ હોય તેને ફળ મળે સંસારનું;
દૃષ્ટિ કરે જો દ્રવ્યની તો ફળ મળે વીતરાગનું. ૩૨૫.

અપ્રતિહતની વાત આ પાછા નહીં પડવા તણી;
બેહદ આનંદ સ્વરૂપની, સ્વાધીનતા પ્રાપ્તિ તણી. ૩૨૬.

નિમિત્ત-ઉપાદાન બેનું કાર્ય એક જ જો કહો;
તો કાર્ય કોનું માનવું? તેનો તમે નિર્ણય કરો. ૩૨૭.

ઉપદેશ જે વ્યવહારનો નિશ્ચય પ્રકાશનકાજ છે;
વ્યવહારને છોડાવવા વ્યવહારનો ઉપદેશ છે. ૩૨૮.

ના જ્ઞાનથી બંધન કદી જ્ઞાની નહીં બંધાય છે;
અજ્ઞાનમાં બંધન સદા, તેથી જ તે બંધાય છે. ૩૨૯.

કુગુરુ નીચે જાય સાથે ભક્ત લેતા જાય છે;
નારક-નિગોદ મહીં પછી સૌ સાથ ગોથા ખાય છે. ૩૩૦

આનંદ જેવો સિદ્ધને અખંડ ને અવિનાશી છે;
તેવો જ છે મુનિરાજને સમાધિમાં લવલીનને. ૩૩૧.

પર્યાય પણ સ્વતંત્ર છે તે જીવ જે માને નહીં;
દ્રવ્યતણી સ્વતંત્રતા તેને કદી ભાસે નહીં. ૩૩૨.

પુરુષાર્થથી જો ઉપડે ને થાય લીન જો સ્વભાવમાં;
છૂટે વિકલ્પો જીવને વેદન વધે આનંદમાં. ૩૩૩.

અનુભવ કરી અટકાવતો આસ્રવને સંવર કહો;
વીતરાગતા વધતી જતી ત્યારે જ નિર્જરા કહો. ૩૩૪.

એક સમયની પર્યાય પણ સ્વરૂપ સદૃશ બની જતી;
અનંત તે રૂપ જ થતી કહેવાય છે મોક્ષ તહીં. ૩૩૫.

એ રીત જીવ સમકિતનું, પુણ્ય-પાપ, નવ તત્ત્વોતણું;
છ દ્રવ્ય, નય, પુરુષાર્થનું સ્વરૂપ જિનવર વર્ણવ્યું. ૩૩૬.

ધર્મોપદશ, સાંભળી બહુ લોક વૈરાગી થયા;
'મેઘ', 'નંદિષેણ', 'અભય' યુવરાજ વિરાગી થયા. ૩૩૭.

તેર વર્ષાવાસમાં જિનરાજ ત્યાં જ બિરાજી રહ્યાં;
રાજગૃહ જિન તજે નહીં 'શ્રેણિક' એ ઈચ્છી રહ્યા. ૩૩૮.

ચૌદમે 'વૈશાલી' રહી કૌશામ્બિમાં પ્રવેશીયીયા;
'જયન્તી' એ ઉપદેશથી આર્યિકા વ્રત ધારીયા. ૩૩૯.

શ્રાવસ્તીમાં પ્રવેશતા 'સુમનોભદ્ર'ની દીક્ષા થઈ;
'આનંદ', 'શિવાનંદ' બન્ને ધર્મશ્રદ્ધાની બન્યા. ૩૪૦.

પંદરમે વાણિજ્ય ને સોળમે રાજગૃહ રહ્યા;
'શાલિભદ્ર', 'ધન્યાદિ'એ મુનિપદ અંગીકાર કર્યા. ૩૪૧.

સત્તરમી વર્ષાઋતુ 'વાણિજ્ય' ગામે રહી કરી;
બનારસ, 'ચુવની', 'ધન્યા', 'શ્યામા' અણુવ્રતી થયા. ૩૪૨.

આલમિયા, કિંકમ, અર્જુન, મેકાંતી દીક્ષાઓ થઈ;
અઢારમી વર્ષાના મહિના 'રાજગૃહિ' સંબોધીયા. ૩૪૪.

રાજગૃહીમાં શ્રેણિકના યુવરાજોની દીક્ષા થઈ;
ને રાણી આર્યિકા થતા પ્રભાવના વિશેષ થઈ. ૩૪૫.

પંચપહાડી 'રાજગૃહી'માં ઓગણીસમી વર્ષા કરી;
'કૌશામ્બી', 'અંગારવતી'-'મૃગાવતી' આર્યિકા બની. ૩૪૫.

વીસ 'વૈશાલી', 'વાણિજ્ય'માં એકવીસમી વર્ષા થઈ;
બાવીસમે 'રાજગૃહી' રહીને 'કચંગલા' વિહાર પછી. ૩૪૬.

ત્યાં 'સ્કંન્દક' શંકા નિવારણ, શ્રમણ ધર્મ સ્વીકારતા;
ત્રેવીસ 'વાણિજ્ય ગ્રામ' અને ચોવીસમે 'રાજગૃહ' ફરી. ૩૪૭.

પચ્ચીસમી વર્ષા 'મિથિલા', 'ચમ્પા' માહીં પ્રવેશતા;
રાજમાતાઓ સંયમીપંથે આર્યિકાઓ ત્યાં બની. ૩૪૮.

છવ્વીસમો પણ ત્યાંજ 'મિથિલા'મહીં વર્ષાવાસ થયો;
'શ્રાવસ્તી', 'મેઢિક' થઈ પછી 'મિથિલા' સત્તાવીસમો. ૩૪૯.

'હસ્તિનાનગર' નરેશ શિવરાજર્ષિની દીક્ષા થઈ;
'મોકાનગર' અગ્નિભૂતિ-વાયુભૂતિનો ભ્રમ હરી. ૩૫૦

એ રીત ગામે ગામ 'વીર' પ્રભાવના કરતા જતા;
જ્ઞાયક સ્વભાવે લીન થઈ શુદ્ધિ વધારતા જતાં. ૩૫૧.

અટ્ઠાવીસ વર્ષા 'વાણિજ્ય'માં વીર વીતાવતા;
'રાજગૃહી આવીને ઓગણત્રીસમી વર્ષા થઈ. ૩૫૨.

'પૃષ્ઠચંપા' શાલ-મહાશાલ દીક્ષા થઈ ઉપદેશથી;
ત્રીસમે 'કૌશલ' અને 'વૈશાલી' એકવીસમી. ૩૫૩.

બત્રીસ પણ 'વૈશાલીમાં' તેત્રીસ 'રાજગૃહી' ફરી;
ચોત્રિસમે 'નાલંદા'મહી 'ઉદય' સંઘમાં સામિલ થયા. ૩૫૪.

'વાણિજ્ય'માં લક્ષ્મીપતિ 'સુદર્શન' દીક્ષિત થયા;
'વૈશાલીમાં પાંત્રીસમો ચાતુર્માસ મહાશ્રમણનો. ૩૫૫.

છત્રીસમો 'મિથિલા'મહીં અંતિમ છ વર્ષ પ્રચારના;
રાજગૃહી 'પ્રભાસ' ગણધર નિર્વાણને પ્રાપ્ત થયા. ૩૫૬.

'મેતાર્ય', 'અચલભ્રાતા' માસિક અનશક કરી મુક્તિ ગયા;
ત્યાં 'રાજગૃહી'માસ ચાર વિતાવવા રોકાઈ ગયા. ૩૫૭.

'નાલંદા' પછી આવીને આડત્રીસ ચાતુર્માસ થયો;
'મિથિલા' ઓગણચાલીસ વર્ષાવાસ ત્યાં પૂરા થયા. ૩૫૮.

'જિતશત્રુ' પત્નિ 'ધારિણી' વીર અનુગામી બની ગયા;
ચાલીસમો 'મિથિલા' ફરી ચાતુર્માસ વ્યતિત થયો. ૩૫૯.

રાજગૃહીમાં 'અગ્નિભૂતિ', 'વાયુભૂતિ' મોક્ષે ગયા;
એકતાલીસમો વર્ષાઋતુ પણ ત્યાં જ વીતાવી રહ્યા. ૩૬૦.

ત્યાં રહી વધુ 'અવ્યક્ત' ને 'અકલ્પિક', મૌર્યપુત્ર' વળી;
'ગંડિક' ગણધરો તણાં નિર્વાણ કલ્યાણક થયા. ૩૬૧.

બેંતાલીસ વર્ષાવાસ અંતિમ 'પાવાપુરી' તરફ વિચર્યા;
વર્ષ ઓગણત્રીસ એ રીત અધ્યાત્મ પ્રચાર થતો રહ્યો. ૩૬૨.

પાવાપુરીના નૃપ 'હસ્તિપાલ' તે ભક્ત ઘણાં સિદ્ધાર્થના;
નગર સજ્જા, અલંકરણ કરવા વંદન કરવા ચાલીયા. ૩૬૩.

અષાઢ, શ્રાવણ, ભાદ્રપદ પર્યુષણો પૂરા થયા;
આસો જતા કાર્તિકમાં કૃષ્ણ પક્ષ ચૌદશ દિને. ૩૬૪.

સોમ, સ્વાતિ નક્ષત્ર મંગલ સૂચક ગ્રહ સારા હતા;
તે દિન જિનવર 'વીર' પ્રભુ કર્મનાશ કરી સિદ્ધ થયા. ૩૬૫.

સ્વાધીન આત્મા સિદ્ધ શિલા પર જઈ આસીન થયો;
જન્મ મરણનો નાશ થતાં ત્યાં અનંત કાળ વાસી થયો. ૩૬૬.

મુક્તિપુરીના વાસી એ ત્રિકાળ ને ત્રિલોકના–
દ્રવ્યો સહુ ગુણ-પર્યાયે એક સાથે એક જ સમયમાં– ૩૬૭.

જ્ઞાન મહીં પ્રકાશીને જાણી અને દેખી લઈને–
અનમુપમ–અવિચળ સુખમાં કાળ અનંત લીન થવાના. ૩૬૮.

અનંત સુખ-દર્શન-વીર્ય-જ્ઞાન અનંતમાં જે રહે;
ના સુખ છે, ના દુઃખ છે, ક્ષુધા નથી, તૃષા નથી. ૩૬૯.

ના મોહ છે, પીડા નથી, બાધા નથી, વિસ્મય ના;
નિદ્રા નથી, ઈન્દ્રિય ના, ચિંતા અને ધ્યાન નહિ. ૩૭૦.

દોષો બધાં જ્યાં છે નહીં, સર્વ થકી રહિત સદા;
નિશ્ચયથી સ્વજાણીને, દેખી વળી અત્યંતને. ૩૭૧.

આત્મોત્પન્ન, અનંત ને સુખ અતિન્દ્રિયમાં રહે;
ત્યાં કાળ અનંતો રહે, ત્યાંથી નહીં પાછા ફરે. ૩૭૨.

ચોથા યુગે ત્રણ વર્ષ સાર્ધ આઠ માસ બાકી હતા;
વર્ષ એકહત્તર વરસ, માસ ત્રણ, પચ્ચીસ દિન જિન રહે. ૩૭૩.

નિર્વાણમાં નર, સુરને ભૂપ પણ સર્વે આવીયા;
ભક્તિ, સંગીત, નૃત્ય ને દીપમાલિકા પ્રગટાવીયા. ૩૭૪.

પાવાપુરે માર્ગ, જંગલ દિશા દશો દીપાવલી;
કાશી કુશલ, લિચ્છવી ભૂપ હર્ષ પર્વ મનાવીયા. ૩૭૫.

ચારે વર્ણોએ નિજઘરમાં ત્યાં દીપક પ્રગટાવીયા;
તે દિવસથી વર્ષ દરેકે દીપાવલી મનાવતા. ૩૭૬.

રાષ્ટ્ર પર્વ આ ભારતે તે દિવસથી શરૂઆત છે;
તેથી દીપક જલાવીને 'વીર' સંસ્મૃતિ મનાવતા. ૩૭૭.

તે દિવસે ગૌતમ ગણધર કેવળજ્ઞાન પ્રાપ્ત થયા;
રત્ન વર્ષા દેવો વડે નિર્વાણભૂમિ સજાવી હતી. ૩૭૮.

સિક્કા અને સ્તૂપો થયા, વર્ધમાન, વીરભૂમિ અને–
બિહાર નામ પ્રચલિત છે, સંવત, બદલે ચોપડા. ૩૭૯.

અંતિમ તીર્થંકર તણા નિર્વાણથી વીર સંઘના;
નાયક પ્રમુખ ગણધર ગૌતમ ત્યાં નિયુક્ત થયા. ૩૮૦.

બાર વરષ પ્રચાર-પ્રવચન 'ગૌતમ' ગણધર તણા;
'સુધર્મ' પણ બાર વરસ અનુસરણ આગમ કર્યાં. ૩૮૧.

અડતાલીસ વરસ 'જંબુસ્વામી' પ્રચાર ચાલુ રાખીયો;
બાંસઠ વરસ કેવલી શ્રમણતણો પ્રચાર ત્યાં ચાલુ રહ્યો. ૩૮૨.

'વિષ્ણુમુનિ', 'નંદિમિત્ર'ને 'અપરાજિત', 'ગોવર્ધન' થયા;
'ભદ્રબાહુ' મુનિ સહિત પાંચ શ્રુતકેવળી પ્રચારમાં. ૩૮૩.

'ચંદ્રગુપ્ત'ના સમીપમાં સંઘ 'ભદ્રબાહુ' સંચાલિત હતો;
આચાર શિથિલતા ના હતી, નિર્ગ્રંથ દિગંબર વેષ હતો. ૩૮૪.

એ સમયમાં મગધાદિમાં અન્ન અકાળ બાર વરસનો;
દક્ષિણ દિશા નિજ સંઘ લઈ મુનિ ભદ્રભાહુ ગયા. ૩૮૫.

અગિયાર મુનિ અગિયાર અંગ, પૂર્વદશના જ્ઞાતા હતા;
તે એકસો તેરાસી વરસ પ્રચારમાં લાગ્યા રહ્યા. ૩૮૬.

પાંચ મુનિઓએ પછી બસોવીસ વર્ષ અંગો સાંચવ્યા;
મુનિ પાંચ બીજાએ પછી અઢાર વર્ષ એ સાંચવ્યા. ૩૮૭.

છસો તેરાસી વર્ષ સુધી અંગો પ્રચારિત રહ્યાં;
ચાલીસ વરસ પ્રચાર વધુ તે રીતે ચાલુ રહ્યાં. ૩૮૮.

'પુષ્પદંત' ને 'ભૂતબલિ'એ આગમ ગ્રંથોમાં લખ્યા;
ષટ્ખંડ આગમને ગુંથીને 'વીર'વાણી રાખી શક્યા. ૩૮૯.

દિગદિગંતે 'વીર' જિનનો પ્રકાશ આજ પણ પ્રવર્તતો;
તત્ત્વ નવલું ના બીજે કશે જૈન ધરમમાં જે સાંપડે. ૩૯૦.

પૂર્ણ, અકંપ, અયોગીપદ ગોળો છૂટ્યો ચિદ્રુપ થઈ–
સિદ્ધાલયે બિરાજીને સુખાદિગુણે પરિણમ્યા. ૩૯૧.

ચાલ્યા ગયા ત્રિલોકના એ નાથ ક્ષેત્ર ભરતથી;
ભગવાનનો વિયોગ રે! વીરનાથના વિરહા પડ્યા. ૩૯૨.

સ્વક્ષેત્રથી રહી સ્વ-પર, પ્રકાશક જ્ઞાન જે પ્રગટ થયું;
આશ્ચર્યકર તે જ્ઞાન લોક-અલોકને પ્રત્યક્ષ કરે. ૩૯૪.

આતમ અસંખ્ય પ્રદેશમાં આનંદ આદિ અનંત જે–
ગુણોતણી અનંત પૂરણ પર્યાય છે પ્રકાશતી. ૩૯૫.

નિર્વાણ વીર પધારીયા તોપણ આ પંચમ કાળમાં;
શાસન 'વીર'નું ભરતમાં ઉપકાર છે વર્તી રહ્યાં. ૩૯૬.

શ્રી કુંદાદિએ દિવ્યધ્વનીતણાં રહસ્યો બહુ ભર્યાં;
પરમાગમ રચી મુક્તિતણાં માર્ગ અદ્‌ભૂત પ્રકાશતા. ૩૯૭.

ને હાલમાં પણ ગુરુ કહાન સૂક્ષ્મ રહસ્યો ખોલતાં;
મુક્તિતણાં એ માર્ગને સ્પષ્ટ રીતે સમજાવતા. ૩૯૮.

સાતિશય વાણી-જ્ઞાનથી જાગૃત ભારતને કર્યું;
ઉપકાર છે અમાપ એ આ કાળમાં ભાગ્ય ફળ્યું. ૩૯૯.

સાતિશય ગુણરત્નથી ભરપૂર ગુરુ મહિમા અને–
ચરણ કમળની ભક્તિ અહર્નિશ મુજ અંતરમાં રહે. ૪૦૦.

❊ ❊ ❊

આસો વદી ત્રીજ, અઠાવીસ તારીખ, સન સાતમાં;
પાંચ દિવસમાં ચરિત્ર 'ચેતનપ્રિય' આલેખીયું.